# Central Library

## Government Medical College , Majurgate , Surat

**Phone No : 0261 2208364, 2208363 E-Mail : centrallibrarygmcs@gmail.com**

※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※※

નં.સતમસુ/લાયબ્રેરી/ /૨૦૨૧ તા. ૧૫/૦૧/૨૦૨૧

**પરિપત્ર :**

**સેન્ટ્રલ લાયબ્રેરીમાંથી ઇસ્યુ કરાતા પુસ્તકો અંતર્ગત નિયમોની સુચિ.**

(૧) હાલમાં જુના સંદર્ભપત્ર નં. No. MCS/PA/O.W.No.-10/2017 Date -27/01/2017મુજબ લાયબ્રેરી ડિપોઝિટ ફી (રિફંડેબલ) યુજી વિધાર્થી પાસેથી રૂ.૫૦૦/- અને પીજી વિધાર્થીપાસેથી રૂ. ૧૫૦૦/- લેવામાં આવે છે, જે અમલમાં ચાલુ રહેશે.

(૨) દરેક વિધાર્થીદીઠ તથા ફેકલ્ટીદીઠ લાયબ્રેરી પુસ્તક ઇસ્યુ કરવા માટે એક ટિકિટ મળવાપાત્ર છે.

(૩)લાયબ્રેરીમાંથી કોઇ પણ વિધાર્થીને એક ટિકિટ પર એક પુસ્તક મળે છે. પ્રથમ વાર તે પુસ્તક ૧૪ દિવસ (બે અઠવાડીયાં) સુધી રાખી શકાય છે. ત્યારબાદ જરૂરિયાત હોય તો તેને ૭ દિવસ (એક અઠવાડિયા) માટે ૨ વાર રીન્યુ કરી શકાય છે. પુસ્તકને એક વાર ઇસ્યુ કર્યા પછી અને બે વાર રીન્યુ કરાવ્યા પછી એ પાછું જ આપવું પડશે. આ જ પુસ્તકને એ વિધાર્થી ૩ મહિના પછી ફરીથી ઇસ્યુ કરાવી શકે છે, એ પહેલાં નહી.

(૪) લાયબ્રેરીમાંથી કોઇ પણ ફેકલ્ટીને એક ટિકિટ પર એક પુસ્તક મળે છે.પ્રથમવાર તે પુસ્તક ૨૮ દિવસ(૪ અઠવાડીયાં)સુધી રાખી શકાય છે. ત્યારબાદ જરૂરિયાત હોય તો તેને ૭ દિવસ (એક અઠવાડિયા) માટે ૨ વાર રીન્યુ કરી શકાય છે. પુસ્તકને એક વાર ઇસ્યુ કર્યા પછી અને બે વાર રીન્યુ કરાવ્યા પછી એ પાછું જ આપવું પડશે. આ જ પુસ્તકને એ ફેકલ્ટી ૩ મહિના પછી ફરીથી ઇસ્યુ કરાવી શકે છે, એ પહેલાં નહી.

(૫)વિધાર્થી જો પુસ્તક નિયત સમય મર્યાદામાં પરત ન કરે તો નિયત સમય ૧૫ દિવસ બાદથી દિવસ ના રૂ.૧/- લેખે પ્રતિ દિન પેનલ્ટી વસુલ કરાશે.

(૬) ફેકલ્ટી જો પુસ્તક નિયત સમય મર્યાદામાં પરત ન કરે તો નિયત સમય ૨૮ દિવસ બાદથી દિવસના રૂ.૧/- લેખે પ્રતિ દિન પેનલ્ટી વસુલ કરાશે.

(૭) ઇસ્યુ કરાતા પુસ્તકમાં અથવા લાયબ્રેરીમાં વાંચવા બેસતા વિધાર્થીઓ દ્વારા લાયબ્રેરીના પુસ્તકમાં માર્કિંગ, અન્ડરલાઇન કે લખાણના કિસ્સામાં રૂ.૧૫૦/- દંડ પેટે ચાર્જ વસુલ કરાશે.

(૮) જો લાયબ્રેરીનું કોઇપુસ્તક ખોવાઇ જાય, તો આ પુસ્તકની કુલ કિંમત રીફંડ આપવી પડશે અથવા તો આ જ પુસ્તક ખરીદ કરીને પરત આપવાનું રહેશે.

(૯) જો કોઇ લાયબ્રેરીના પુસ્તકને નુકસાન થયેલું દેખાશે, જેમ કે,પાનાં ફાડી નાખવા,વાળી દેવા,પાણી કે અન્ય ખાધપદાર્થોને કારણે ડાઘા કે નુકસાન પહોંચાડવું – આ દરેક કિસ્સામાં પુસ્તકની કિંમતના ૨૫ % દંડ ભરવો પડશે અથવા ખૂબ વધારે નુકસાનના કિસ્સામાં (લાયબ્રેરીના ઇન્ચાર્જ વડા નક્કી કરે તે પ્રમાણે) આ જ પુસ્તક ખરીદ કરીને પરત આપવાનું રહેશે.

(૧૦) સંસ્થા દ્વારા ઇસ્યુ કરાતી લાયબ્રેરી ટિકિટ ઉપર જે તે વ્યક્તિ જ પુસ્તક ઇસ્યુ કરાવી શકશે. તે અન્યને લાયબ્રેરી ટિકિટ આપશે તો કાર્ડ ધારક અને ઇસ્યુ કરાવનાર બંને દંડને પાત્ર થશે,તથા કાર્ડધારક તથા અન્યનું કાર્ડ વાપરનાર બંનેના લાયબ્રેરી કાર્ડ એક મહિના માટે જપ્ત થશે. તેઓ એક મહિના સુધી લાયબ્રેરી ટિકિટનો ઉપયોગ કરી શકશે નહિ.

નકલ સાદર રવાના : તમામ વિભાગના વડાશ્રીઓ સતમ, સુરત તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.